# E-6. Farmers' training on "બટાટા પાકની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ"

કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજ,આણંદ કૃષિ યુનિવર્સિટી ગોધરા હસ્તકના ઈંસ્ટ્રકશનલ ફાર્મ, કાંકણપુર ખાતે પ્રાધ્યાપક અને વડાશ્રી, ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરી વિભાગની અધ્યક્ષતામાં તા. ૨૧/૦૧/૨૦૧૭ ના રોજ **"બટાટા પાકની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ"** વિષય ઉપર એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો સૌ પ્રથમ દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો શુભારંભ કરીને **"બટાટા પાકની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ"** આધારિત તાલીમ સંપુટનું ખેડુતોને વિતરણ કરવામાં આવ્યું. ત્યારબાદ શ્રી કે.એલ.ડાભી, મદદનીશ પ્રાધ્યાપક અને ફાર્મ મેનેજરશ્રી તથા શ્રી આર.એસ.ગોધાણી, સીનીયર રીસર્ચ આસીસ્ટન્ટ દ્વારા કોલેજના આમંત્રિત અધિકારીગણ તથા આત્મામાંથી પધારેલ કર્મચારીગણ તથા ખેડુતોનું પુષ્પગુચ્છ તેમજ શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆતમાં ડો.આર.સ્વર્ણકાર,પ્રાધ્યાપક અને વડાશ્રીએ પોતાના પ્રાસંગિક ઉદભોદનમાં આમંત્રિત તમામને આવકારી "પંચમહાલ, દાહોદ અને મહીસાગર વિસ્તાર માટે નવો રોકડિયો પાક–બટાટા" ની આધુનિક ખેતી વિષે ઉંડાણપૂર્વક પોતાની આગવી શૈલીમાં ખુબ સુંદર સમજ આપી તથા આ પાકના વાવેતરથી વધુ વળતર કેવી રીતે મેળવી શકાય તે પણ સમજાવ્યું. ત્યારબાદ શ્રી કે.એલ.ડાભી, મદદનીશ પ્રાધ્યાપક અને ફાર્મ મેનેજરશ્રી, દ્વારા "બટાટાની વાવણીની વિવિધ પદ્ધતિઓ તથા તેનાં સાધનો" અંતર્ગત અત્રેની કોલેજ દ્વારા વિકસાવવામાં આવેલ સેમી ઓટોમેટિક પોટેટો પ્લાન્ટર સહિત બટાટાના પાકના વાવેતરથી માંડીને ઉપજ લેવા સુધીના કૃષિ યાંત્રિકીકરણ માટે વપરાતાં તમામ સાધનો વિષે ખુબ સરસ વક્તવ્ય આપવામાં આવ્યું આ ઉપરોક્ત સર્વશ્રી ઈજ. કપીલ મંડલોઈ, મદદનીશ પ્રાધ્યાપક, ઈજ. ચિરાગ જાદવ, મદદનીશ પ્રાધ્યાપક તથા ઈજ.આર.એસ.ગોધાણી,સી.રી.આસી. દ્વારા અનુક્રમે "બટાટાની વાવણી અને હાર્વેસ્ટીંગ ના સાધનોની માવજત", "બટાટાની ખેતીમાં આંતરખેડનું મહત્વ" તથા "બટાટાની ખેતીમાં રોગ-જીવાત નિયંત્રણના પગલાં" વગેરે વિષયો આધારિત ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું. આ તમામ વકતવ્યો પૂર્ણ થયા બાદ કાંકણપુર ફાર્મના જુદા જુદા બાગાયતી પાકોની ખેડૂતોને મુલાકાત કરાવી ચીલાચાલુ ખેતી પધ્ધતિની જગ્યાએ વધુ વળતર મેળવી શકાય તેવા કાજુ, મોસંબી, ખારેક વગેરે પાકોના વાવેતર વિષે શ્રી કે.એલ.ડાભી તથા શ્રી આર.એસ.ગોધાણી દ્વારા વૈજ્ઞાનિક સમજ આપવામાં આવી.કાર્યક્રમના અંત ભાગમાં બટાટાની વાવણીના બે જુદા-જુદા પ્લાન્ટરો (ઓટોમેટીક અને સેમી ઓટોમેટીક) તેમજ પોટેટો ડીગરનું જીવંત નિદર્શન ખેડુતોને અત્રેની કોલેજના ઈજ. આર.સી.સાળુંખે, મદદનીશ પ્રાધ્યાપક તથા ઈજ.વાય.સી.યોગાનંદી, સી.રી.આસી. દ્વારા બતાવવામાં આવ્યું. કોલેજ શરૂ થયા બાદ કાંકણપુર ફાર્મ ખાતે સૌ પ્રથમ વાર એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજવામાં આવેલ જેથી આજુબાજુના ખેડુતોએ પણ ખેતીલક્ષી માહિતી મેળવવા ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. કાર્યક્રમના અંતમાં ડો.આર.સ્વર્ણકાર, પ્રાધ્યાપક અને વડાશ્રી, ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરી વિભાગ દ્વારા ઉપસ્થિત તમામનો આભાર વ્યક્ત કર્યો.








